**<u>અમદાવાદના મહે. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૨૨, અમદાવાદ.</u>**

**ફોજદારી કેસ નં. ૮૩૫૦૧/૨૧**

**આંક:**

શ્રી સરકાર .....ફરીયાદી

વિરૂધ્ધ

મેહુલ બાબુભાઈ પટેલ

...... આરોપીઓ

આરોપ :- **<u>જુગારધારા કલમ – ૧૨(અ) મુજબ.</u>**

**-:: <u>ઠ રા વ</u> ::-**

**(૧)** આ કામે ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપીઓ વર્લીમટકાના સાધનો વડે પૈસા વતી હાર જીતનો જુગાર રમતા તે લગત તમામ સાીહતય સાથે પકડાઈ જઈ જુગાર ધારાની કલમ-૧૨(અ) મુજબનો ગુનો કરેલ છે.

**(૨)** આરોપીઓ અદાલત સમક્ષ .પીસ્થત થતા, આરોપીઓને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ, આરોપીઓની ગુના સબબ પ્લી નોંધતા, આરોપીઓએ પોતાની સામેના ગુનાનો સ્વેચછીક એકરાર કરેલ છે અને કબુલાત પુરસીસ અલગથી આપેલ છે.

**(૩)** આરોપીઓએ ગુનાનો એકરાર સ્વૈચછીક રીતે કરેલ હોય, આરોપીઓએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભીવષ્યમાં આવા પ્રકારનો ગુનો નહીં કરવા ખાતી આપતા હોય, આ કામના આરોપીઓએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીઓને સજા કરવી જોઈએ તેમ માનુ છું, પરંતુ આરોપીઓની કબુલાત પુરસીસ વંચાણે લેતા તેમજ આરોપીપક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલ રજુઆતો લક્ષમાં લેતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ''સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર'' ૨૦૦૫(૧) જી. એલ. આર. પાના નં. ૭૦૯ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલસિધ્ધાંતોને લક્ષમાં લેતા, આ કામમાં આરોપીઓને હાલના ગુના સબબની કલમમાં ન્યુનતમ સજા નિયત કરેલી ના હોય, દંડની સજા કરવી જોઈએ તેમ માનું છું. આરોપીઓની સામેના ગુનાને લક્ષમાં લેતા સામાનય કુટુંબના વાતાવરણમાંથી આવતા હોય, આવા પ્રકારના સંજોગોમાં તેઓની રજુઆતો લક્ષમાં લેતા આરોપીઓને તેમની સામેના ગુના સબબ તકસીરવાન ઠરાવવા રહયા, જેથી નયાયના વિશાળ હિતમાં નીચનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

આ કામના દરેક આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૨ મુજબ જુગાર ધારાની કલમ-૧૨ (અ) મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા. ૧૦૦૦/- (અંકે રૂીપયા એક હજાર પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ભરવામાં કસુર કરે તો પ્રતયેકને દિવસ ૦૬ (છ) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલ રોકડ રકમ અપીલ સમય બાદ સરકાર ખાતે ખાલસા કરવી તેમજ અનય મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો. ઈલેકટ્રીક વસ્તુઓ માટે અલગથી ઈન્કવાયરી કરવી અથવા વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલત / સ્પેશિયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ. (પારસકુમાર વિનોદરાય ભટ્ટ),

તારીખ.૨૬/૦૬/૨૨ એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,

કોર્ટ નં. ૨૨, અમદાવાદ.

જી.જે. ૦૦૯૪૮